# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬ તા.૧૫-૪-૧૭

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ૧ લી મે-૨૦૧૭ ગુજરાત સ્થાપના દિન(ગુજરાત ગૌરવ દિન) નિમિત્તે ઉજવણી બાબત.**

**સંદર્ભ :-અધિક ચીટનીશ શાખા જિલ્લા કલેક્ટર કચેરીના પત્રક્રમાંક : એચ.બી./ એડી.એમ/ ૧મે-૨૦૧૭/ડે સેલીબ્રેશન/ડીઆરડી-૯૯/૨૦૧૭/તા.૨૩-૩-૧૭**

આથી તમામ મ્યુનિ.શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ૧ લી મે ૨૦૧૭ના રોજ ગુજરાત રાજ્યના સ્થાપના દિનની ઉજવણી ગુજરાત સરકાર દ્વારા ‘ગુજરાત ગૌરવ દિન’ તરીકે રાજ્ય કક્ષાની ઉજવણી માટે અમદાવાદ ખાતે કરવામાં આવનાર છે. ઉજવણીના ભાગરૂપે તા.૨૬-૪-૧૭ને ‘શિક્ષણ દિન’ તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવેલ હોઈ તા.૨૬-૪-૧૭ના રોજ તમામ શાળાઓ શિક્ષણ દિનનાં વિવિધ કાર્યક્રમોની ઉજવણી નીચે આપેલ આયોજન મુજબ અનિવાર્ય પણે કરવાની રહેશે તેમજ ઉજવણી બાદ તેનો ફોટોગ્રાફ સાથેનો વિગતવાર અહેવાલ જે-તે ઝોન ઓફિસમાં પહોંચાડવાનો રહેશે.

**નોંધ :**

(૧) શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ સ્વચ્છતા દોડ/રેલી પ્લે કાર્ડ સાથે આસપાસના એક કિલોમીટરના વિસ્તારનો રોડ મેપ તૈયાર કરી જણાય ત્યાં લાગુ પડતા પોલીસ સ્ટેશનની પરવાનગી મેળવી આયોજન કરવું .

(૨) આ કાર્યક્રમોની ઉજવણીમાં માન.ધારાસભ્યશ્રી, કોર્પોરેશનનાં પદાધિકારીશ્રીઓ, સ્કલ બોર્ડ સભ્યશ્રીઓ,ચૂંટાયેલ કાઉન્સીલરશ્રીઓ, એસ.એમ.સી.ના સભ્યશ્રીઓ, આપની વિસ્તારના સામાજિક કાર્યકરશ્રીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ,વાલીગણ તેમજ નગરજનોને આમંત્રિત કરવા.

(૩) વિગતવાર સ્પર્ધાઓનું આયોજન કરી પ્રથમ,દ્વિતીય અને તૃતિય સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર તેમજ પ્રશસ્તિપત્ર દાતાઓની મદદથી શાળાએ આપવાના રહેશે.

**ગુજરાત ગૌરવ દિન-૨૧૭ નિમિત્તે શાળા શાળા કક્ષાએ ઉજવણી માટેનું માર્ગદર્શક આયોજન પત્રક**

| ક્રમ | સમય | ઉજવણી | ઉજવણીની વિગત | | ઉજવણીમાં ભાગ લેનારની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૮-૦૦ થી ૯-૦૦ કલાકે | સ્વચ્છતા રેલી / સ્વચ્છતા દોડ | શાળા પરિસરથી ૧ કિમિ.ની ત્રિજયામાં | | ધારાસભ્યશ્રીઓ, અ.મ્યુ.કો.નાં પદાધિકારીશ્રીઓ, સ્કૂલ બોર્ડ સભ્યશ્રીઓ, કાઉન્સીલરશ્રીઓ, એસ.એમ.સી.ના સભ્યશ્રીઓ, આપના વિસ્તારના સમાજિક કાર્યકર, વાલીગણ |
| ૨ | ૯-૦૦ થી ૯-૩૦ કલાકે | ‘સ્વચ્છતા’સંદર્ભે સુત્રોચ્ચાર અને શપથવિધિ કાર્યક્રમ | શાળામા પટાંગણમાં સમસ્ત આમંત્રિતોની હાજરીમાં | | |
| ૩ | ૧૦-૦૦ થી ૧૨-૦૦ કલાક | વિવિધ સ્પર્ધાઓનું શાળા કક્ષાએ આયોજન | <u>સ્પર્ધાઓ</u><br>નિબંધ સ્પર્ધા<br>૬ થી ૮<br>૯ થી ૧૨ | <u>વિષયો</u><br>૧. ગતિશીલ ગુજરાત મારી દ્રષ્ટિએ.<br>૨. મારૂ ગુજરાત આગવું ગુજરાત<br>૩. ગુજરાતના મહાનુભાવો<br>૪. ગુજરાતની ગરિમા | ધારાસભ્યશ્રીઓ, અ.મ્યુ.કો.નાં પદાધિકારીશ્રીઓ, સ્કૂલ બોર્ડ સભ્યશ્રીઓ, કાઉન્સીલરશ્રીઓ, એસ.એમ.સી.ના સભ્યશ્રીઓ, આપના વિસ્તારના સમાજિક કાર્યકર, વાલીગણ |
| | | | ચિત્ર સ્પર્ધા<br>૧ થી ૪<br>૫ થી ૮ | ૧. ગુજરાતનો વિકાસ મારી દ્રષ્ટિએ.<br>૨. ગુજરાતના મહાનુભાવો<br>૩. ગુજરાતના ઐતિહાસિક સ્થળો<br>૪. ગતિશીલ ગુજરાતની આવતીકાલ | |
| | | | વકતૃત્વ સ્પર્ધા<br>૫ થી ૮ | ૧. ગતિશીલ ગુજરાત મારી દ્રષ્ટીએ<br>૨. મારૂ ગુજરાત આગવું ગુજરાત<br>૩. ગુજરાતના મહાનુંભાવો<br>૪. ગુજરાતની ગરીમા | |

(૪) (એ) નિબંધ સ્પર્ધા - વક્તૃત્વ સ્પર્ધા - પાંચ મિનીટનો સમય રાખવાનો રહેશે.
(બી) ચિત્ર સ્પર્ધાનો સમય ૧ કલાક ગૌરવદિન નિમિત્તે આપેલ વિષય મુજબ
(સી) વિજેતા બાળકોને લોક સહકારથી પ્રોત્સાહક ઈનામો આપવા.

નોંધ : આ વર્ષે વાર્ષિક પરીક્ષાનું પરિણામ તા.૨૯-૪-૧૭ના રોજ જાહેર કરવાનું રહેશે.

તા.૧૫-૪-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી